# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **૦૯-૦૭-૨૦૨૫**

ગોઝારી દુર્ઘટના બાદ સરકારનું એકજ રટણ હોય છે કે તપાસ થશે તેવી ભાજપ સરકારની જાહેરાત વચ્ચે ગુજરાતમાં વધુ એક બ્રિજ ધરાશાયી અને નવ-નવ માનવ જીન્દગીના મોત અંગે સુપ્રીમકોર્ટ – હાઈકોર્ટના સીટિંગ ન્યાયાધીશના વડપણ હેઠળ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું કે ગુજરાતની ભાજપા સરકારની ભ્રષ્ટાચારી નીતિના પાપે વારંવાર આવી ઘટના બને છે. રાજ્યમાં અનેક નિર્માણાધીન બ્રિજ ધરાશાયી થયા છે. ગંભીર અને દુખદ ઘટનાઓ બાદ પણ સરકારના પેટનું પાણી હલતું નથી. ગોઝારી દુર્ઘટના બાદ સરકારનું એકજ રટણ હોય છે કે તપાસ થશે. આ પ્રકારના જવાબો એ સરકારની આંખ મીચામણા નીતિ છે. તંત્રની ગુનાહિત બેદરકારીના કારણે આ સમસ્યા સર્જાઈ છે જેમાં નવ નવ માનવ જીન્દગી હોમાઈ છે.  સમારકામ માટેની માંગ બાદ પણ કોઇ પગલાં ભરાયા નથી. ગંભીર બ્રિજની ગંભીર ઘટના માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી થાય તે માટે ઘટનાની ન્યાયી અને પારદર્શક તલસ્પર્શી તપાસ સુપ્રીમ કોર્ટ કે હાઇકોર્ટના જજની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા થાય તેવી માંગ કોંગ્રેસ પક્ષ કરે છે. પુલ ધરાશાયી થતાં નવ નવ નિર્દોષના મોત નીપજ્યા છે. આ ઘટનમાં સરકારે તપાસના આદેશ આપ્યા છે. જે માત્ર નાટકરૂપ સાબિત થશે. કેમ કે અત્યાર સુધી તપાસના નામે એક પણ અહેવાલ જાહેર થયો નથી. માત્ર પુલમાં જ નહિ પણ ગુણવત્તા વિનાના રોડ રસ્તા બનાવી બેફામ ગેરરીતિઓ આચરનારને નવા નવા કોન્ટ્રાકટ આપવામાં આવી રહ્યા છે. ભાજપાના ભ્રષ્ટાચારી મોડલને કારણે આવી દુર્ઘટના બની રહી છે.

ભાજપના શાસનમાં ચુંટણી ફંડ આપોને પુલ-રોડ રસ્તાના કોન્ટ્રાક્ટ મેળવો તે સ્કીમ ચાલી રહી છે. આ જ પ્રમાણે અન્ય પુલ દુર્ઘટનામાં ય માર્ગ મકાન વિભાગ રીપોર્ટ આપીને તપાસનું નાટક કરશે. થોડાક દિવસોમાં આખીય વાત ભૂલાઈ જશેને, આખીય વાત પર હળવેકથી ઠંડુ પાણી રેડી દેવાશે. આજ દિન સુધી પુલ તૂટવાની ઘટનામાં એકેય કોન્ટ્રાકટર સામે કડક પગલા લેવાયા નથી તે જગજાહેર છે.

| ગુજરાતમાં અત્યાર સુધી કેટલા પુલ તૂટ્યા | | |
|---|---|---|
| **વર્ષ** | **સ્થળ** | **જીલ્લો** |
| ૨૦૨૪ | હળવદનો બ્રિજ | મોરબી |
| ૨૦૨૩ | વઢવાણ બ્રિજ | સુરેન્દ્રનગર |
| ૨૦૨૩ | પાલનપુર RTO બ્રિજ | બનાસકાંઠા |
| ૨૦૨૩ | ખેડા બ્રિજ | ખેડા |
| ૨૦૨૩ | ધંધુસરા બ્રિજ | જુનાગઢ |
| ૨૦૨૨ | મોરબીનો ઝૂલતો બ્રિજ | મોરબી |
| ૨૦૨૨ | માધાપર ચોકડી | રાજકોટ |
| ૨૦૨૨ | બોપલ રીંગ રોડ | મુમતપુરા |
| ૨૦૨૨ | બોરસદ ચોકડી | આણંદ |
| ૨૦૨૨ | હાંડોડ | લુણાવાડા |
| ૨૦૨૨ | નંદેલાવ | ભરુચ |
| ૨૦૨૨ | ઊંઝા હાઈવે | મહેસાણા |
| ૨૦૨૨ | સિઘરોટ | વડોદરા |
| ૨૦૨૧ | શાંતિપુરા | અમદાવાદ |
| ૨૦૨૧ | મમતપુરા બ્રિજ | અમદાવાદ |
| ૨૦૨૦ | આજીડેમ ચોકડી | રાજકોટ |
| ૨૦૨૦ | મહેસાણા બાયપાસ | મહેસાણા |
| ૨૦૧૯ | સતોડાક ગામ | રાજકોટ |
| ૨૦૧૭ | હાટકેશ્વર બ્રિજ | અમદાવાદ |
| ૨૦૧૬ | પીપલોદ ફ્લાયઓવર | સુરત |
| ૨૦૦૭ | ઉધના દરવાજા | સુરત |

.

( ડૉ. મનિષ એમ. દોશી )
મીડિયા કન્વીનર અને પ્રવક્તા
Mob : 9426001599